# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૨૭/૦૫/૨૦૧૭

તંત્રીશ્રી,

.............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

- એક સાથે ૪૮૦૦૦ કાર્યકર્તાઓ ૪૮૦૦૦ બુથમાં વિસ્તારક તરીકે જાય એ એક ઐતિહાસિક ઘટના છે : પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી
- છેવાડાના માનવીના ઉત્થાનનો પંડિતજીનો મુળ મંત્ર સાચા અર્થમાં સાર્થક કરવાની યોજના એટલે વિસ્તારક યોજના : પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી
- ભારત સરકારની તમામ યોજનાઓ ગરીબોને પોતાની યોજના લાગી : પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા તથા મહામંત્રીશ્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડો. જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

પંડિત દીનદયાળ ઉપાધ્યાય જન્મશતી કાર્યશાળાના છેલ્લા ત્રણ દિવસથી ચાલતી છ કાર્યશાળાઓમાં અપેક્ષા કરતા વધુ સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાતા હોઈ તેમના માટે સુરત ભાજપને વિશેષ કાર્યશાળાનું આયોજન કરવું પડયું હતું. વિશેષ યોજાયેલ કાર્યશાળામાં આજ રોજ "પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના ખાતે પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી ઉપસ્થિત રહી કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે આપણી કેન્દ્ર સરકાર છેલ્લા ત્રણ વર્ષની સફળતાના કાર્યો જેમ કે ઔદ્યોગિક ક્ષેત્રે હોય, ગ્રામીણ ક્ષેત્રે, શહેરી ક્ષેત્રે, આરોગ્ય ક્ષેત્રે તેમજ દરેક ક્ષેત્ર ઉપર પ્રગતિ કરી છે. વિવિધ યોજનાઓને અંત્યોદય અને છેવાડાના માનવી સુધી પહોંચાડીને જે ભગીરથ કાર્ય કરયું હોય તો તે આપણી ભાજપની સરકાર છે. આપણી સરકારની કામગીરીની સફળતા માત્ર ભારત જ નહી પણ વિશ્વએ પણ નોંધ લીધી છે.

અંત્યોદય અને છેવાડાના માનવી સુધી અનેક યોજનાઓ જેમ કે પ્રધાનમંત્રી જન–ધન યોજના, મુદ્રા યોજના, જન ઔષધી યોજના, ઉજ્જવલા યોજના, વિગેરે અનેક યોજનાથી સાચા અર્થમાં ગરીબો માટે કલ્યાણકારી યોજનાઓ સાબિત થઈ. ભારતની પ્રજાએ સૌથી માટે મહત્ત્વનો નિર્ણય, અઘરો અને સાહસીક નિર્ણય નોટબંધીના નિર્ણયને પણ સહજતાથી સ્વીકારી લીધો હતો અને વધાવી લીધો હતો. જેને કારણે ભારતની વિવિધ સ્તરો પર ઈકોનોમી દ્રષ્ટિએ ફાયદો થયો છે તેવું જણાવ્યું હતું.

પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી આનંદ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૪માં આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ કેન્દ્રની ધુરા સંભાળી હતી ત્યારે ભારતમાં માત્ર સાત રાજ્યોમાં જ ભાજપનું શાસન હતું અને આજે ભારતમાં સત્તર રાજ્યોમાં ભાજપની સરકાર છે.

વધુમાં જણાવ્યું હતું કે પંડિત દીનદયાળ ઉપાધ્યાયના જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે ભારતીય જનતા પાર્ટીમાં અનેક કાર્યક્રમો ઉજવી રહ્યા છે ત્યારે પંડિત દીનદયાળ ઉપાધ્યાયના સમાજ હિતના વિચારોને જન–જન સુધી પહોંચાડવાનું કાર્ય આ વિસ્તારક યોજના થકી છે. ગુજરાતનાં ૪૮૦૦૦ બુથો ઉપર ૪૮૦૦૦ વિસ્તારકો નવ દિવસ સુધી પ્રવાસ કરશે તે ખરે–ખર ભારતીય જનતા પાર્ટી માટે ઐતિહાસિક દિવસ છે.

ભારતનાં આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી તેમજ ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની સરકારના વિકાસના કાર્યો અને ભારતીય જનતા પાર્ટીના સંગઠનની ભાવનાઓથી આર્કષાઈને સુરત શહેરના વોર્ડ નં.–૧૪ (કરંજ–મગોબ)ના કોંગ્રેસના ૨૦ જેટલા કાર્યકર્તાઓ આજની ભાજપના પ્રશિક્ષણ કાર્યશાળામાં ઉપસ્થિત પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણીની હાજરીમાં ભાજપનો ભગવો ખેસ પહેરી પાર્ટીમાં જોડાયા હતા.